**Navgujarat Samay**

**January 9, 2017**
**Pg.4**

# ₹ 200 કરોડના ફંડથી 500 સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ શરૂ કરાશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

રાજ્ય સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રીઝ પોલિસીના ભાગરૂપે ગુજરાત સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરવામાં આવી હતી. રવિવારે વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત મુખ્યમંત્રી દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીની જાહેરાત કરવામાં આવી છે.

આ પોલિસી અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૨૦૦ કરોડના સ્ટેટ ઈનોવેશન ફંડ ઊભું કરાશે. જે માટે ૧૦૦ કરોડ રૂપિયા ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવશે. બાકીની રકમ આંતરિક સ્ત્રોતોમાંથી ઊભી કરવામાં આવશે. આ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૫૦૦ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ શરૂ થાય અને દરેક યુનિવર્સિટીઓમાંથી દરવર્ષે ઓછામાં ઓછી ૧ હજાર આઈપીઆર પેટન્ટ ફાઈલ થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. દરવર્ષે ૧ હજાર વિદ્યાર્થીઓને આ સ્કીમ અંતર્ગત ઈનેવોશન સપોર્ટ પૂરો પાડવામાં આવશે.